# કોરોનાને કારણે શિક્ષણમાં આવેલ હકારાત્મક પરિવર્તન

કોરોનાની નકારાત્મક અસર સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક, આરોગ્ય,વહીવટ જેવા અનેકાનેક ક્ષેત્રમાં થઇ છે. ત્યારે તેની અસર શિક્ષણ પર પણ થાય તે સ્વાભાવિક. લોકડાઉન ચાલુ થયું ત્યારથી આખા દેશમાં શિક્ષણકાર્ય લગભગ ઠપ થઇ ગયું છે. શાળા-કોલેજના ધમધમતા વર્ગો આજે સંપૂર્ણ બંધ છે. વિદ્યાર્થી અને શિક્ષક એક બીજાથી અળગા થઇ ગયા છે. મોટાભાગની પરીક્ષાઓ પણ હજુ સુધી લેવાઈ નથી. આવા સંજોગો વચ્ચે પણ કોરોનાને કારણે શિક્ષણક્ષેત્રે કેટલાક પરિવર્તનો જોવા મળ્યા છે, કોરોનાએ શિક્ષણમાં નકારાત્મક અસર કરી છે તેમ હકારાત્મક અસર પણ કરી છે. કોરોનાને કારણે શિક્ષણક્ષેત્રે કેટલાક ફાયદા પણ થયા છે.

સૌથી મોટું પરિવર્તન કે ફાયદો થયો હોય તો એ છે કે, વિદ્યાર્થીઓ વર્ગખંડ બહાર અભ્યાસ કરતા થયા અને શિક્ષકો ઘેરથી ભણાવતા થયા. ઓનલાઈનના માધ્યમથી શિક્ષણ આપવાનું શરૂ થયું. જે ખ્યાલ પર આપણને વિશ્વાસ નહતો જેથી આપણે સ્વીકાર્યો નહતો. આજે સૌ સ્વીકારતા થયા કે શાળા બહાર પણ શિક્ષણકાર્ય થઇ શકે છે. આજે ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન કે કમ્પ્યુટર દ્વારા વિદ્યાર્થીઓ શીખતા થયા. ઘેર બેસીને જાતે સ્વઅધ્યયન કરતા થયા. કેટલીક શાળા કોલેજોએ ટેકનોલોજી બાબતે સગવડતાઓ કરી, તો સરકારને પણ તે અંગે વિચારવા માટે પ્રેરિત કરી. આજના ટેકનોલોજીના યુગમાં પણ આપણે ત્યાં એવી માન્યતા છે કે, પાઠ્યપુસ્તક જેટલું જ શીખવાનું અને શિક્ષક શીખવાડે તો જ વિદ્યાર્થીને આવડે, શિક્ષકે પાઠ્યપુસ્તકનો એકએક શબ્દ શીખવવો જોઈએ. આ માન્યતાને કારણે જ આપણે ત્યાં અભ્યાસક્રમ મોટા છે અને વિદ્યાર્થીને એસાઈન્મેન્ટ આપવામાં આવતા નથી કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ થતી નથી. કોરોનાને કારણે એક ખોટો ખ્યાલ દૂર થયો કે, શિક્ષક શીખવાડે તો જ આવડે, વિદ્યાર્થી સ્વપ્રયત્ને ના શીખી શકે. ઉપરાંત એસાઈનમેન્ટ આપતા થયા.

ઓનલાઈન એજ્યુકેશનને કારણે શિક્ષકો મટેરિયલ તૈયાર કરતા થયા. આજે આપણી પાસે ખૂબ જ મોટા પ્રમાણમાં ડિજીટલ મટેરિયલ તૈયાર થયું. જે મટેરિયલ શિક્ષકો અગાઉ બનાવતા નહતા. શિક્ષકો ઘરમાં બેસીને નવું કરતા થયા, નવું શીખવા લાગ્યા. વિદ્યાર્થી સામે સંપૂર્ણ સ્વસ્થ રહેતો શિક્ષક કેમેરા સામે ગભરાઈ જતો હતો, તે શિક્ષક આજે કેમેરા સામે આવતો થયો. આ સમયમાં સક્રિય સારા હોંશિયાર મહેનતુ શિક્ષકોએ પોતાની આગવી ઓળખ ઉભી કરી તેઓ વિદ્યાર્થીઓ, સમાજ અને સરકારની નજરમાં આવ્યા. નિષ્ક્રિય શિક્ષકોની પણ ઓળખ થઇ. નવરાશની પળોમાં શિક્ષકો ઈતર કે શિષ્ટ વાંચન કરતા થયા, તો ઘણાં શિક્ષકો નવું નવું લખી પોતાની કલમનો ઉપયોગ કરતા થયા, શિક્ષકો અંદરોઅંદર ચર્ચા કરતા થયા, વિચારોની આપલે કરતા થયા. સક્રિય અને નિષ્ક્રિય શિક્ષકોને પોતાની આવડત, કૌશલ્ય કે જ્ઞાનનો ખયાલ આવ્યો હશે. કે પોતે ટેકનોલોજીમાં કે અન્ય રીતે કેટલો આગળ કે પાછળ છે. જેને આધારે ખાનગી શાળાઓએ તો કેટલાક શિક્ષકને નોકરી પર ચાલુ રાખ્યા તો કેટલાકને કાઢી પણ મૂક્યા. જે શિક્ષકોને સંચાલકોએ નોકરીમાંથી દૂર કર્યા છે, તે શિક્ષકોએ વિચારવાનું થાય કે બીજા શિક્ષકને નોકરીમાં ચાલુ રાખ્યા છે અને તમને જ કેમ દૂર કર્યા? તેનું કારણ તમારા કામ અને આવડતથી શાળાને સંતોષ નહતો. ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષકો તો ઘેર ઘેર જઈને વ્યક્તિગત બાળકોને શીખવતા હતા કે સલાહ આપતા હતા. જેના કારણે વાલીઓને શિક્ષકો પર વધુ વિશ્વાસ બેઠો. શિક્ષકો અને વાલીઓ એકબીજાની નજીક આવ્યા.

શિક્ષકો ઘેરથી ભણાવતા થયા અને બાળકો ઘેરથી ભણતા થયા, જેથી કાલે એવું પણ બને કે કોઈ શિક્ષક શાળા-કોલેજમાં રજા પર રહેવાનું કહેશે તો આચાર્ય જણાવશે કે રજા પર રહો, પણ કાલે આટલા વાગે તમારે ઓનલાઈન લેકચર લેવાનું છે. અન્ય ક્ષેત્ર કે ઓફિસમાં વર્ક ટુ હોમ કવામાં આવતું હતું, તેમ શિક્ષણમાં પણ થયું અને ભવિષ્યમાં તેનો ઉપયોગ થશે જ. અત્યાર સુધી વર્ગખંડમાં લેવાતી પરીક્ષાઓ વિદ્યાર્થી પોતાના ઘરમાં જ બેસીને ઓનલાઈન આપતો થયો. સમય અને ખર્ચનો બચાવ થવા લાગ્યો. **ભવિષ્યમાં ઘણી શાળા-કોલેજો આનો અમલ કરશે.**

વાલી અને સમાજને ખાનગી શાળા કોલેજોના મેનેજમેન્ટને ઓળખવાની તક મળી. ધંધા રોજગારના અભાવે ઘણાં વાલીઓની આર્થિક સ્થિતિ કથળી હતી, ત્યારે તેવા વાલી પર શિક્ષકના પગારનું બહાનું કાઢીને-દબાણ

કરીને ફી ઉઘરાવનાર ઘણાં સંચાલકો ઉઘાડા પડ્યા. અત્યાર સુધી ઊંચી ફી લઈને નફો ઘરભેગો કરનાર મેનેજમેન્ટે આપત્તિના સમયે પણ ફી ઉઘરાવવાને જ મહત્વ આપી પોતાની અસલીયત બતાવી, તો કેટલાક મેનેજમેન્ટે સામા પગલે ફી ઘટાડી કે માફ કરી પોતાની દિલદારી પણ બતાવી. જેથી વાલી અને સમાજને મેનેજમેન્ટને ઓળખવાનો મોકો મળ્યો, જેથી નક્કી કરી શકાય કે કઈ શાળા મૂલ્યોને વરેલી છે, કઈ શાળા માત્ર પૈસાને વરેલી છે. કઈ શાળા-કોલેજમાં પ્રવેશ લેવાય કે ના લેવાય.

કોરોનાને કારણે શિક્ષણ પર થયેલ નકારાત્મક અસરને કારણે વિદ્યાર્થી, વાલી, શિક્ષક, સમાજ અને સરકાર વિચારતા થયા. ઓનલાઈન એજ્યુકેશન કે અન્ય રીતે શિક્ષણ આપવા અંગે જાગૃત બન્યા. એટલું જ નહિ અત્યારની પરિસ્થિતિમાં થયેલા અનુભવો ભવિષ્યમાં કોઈ કુદરી આપત્તિ વખતે ઉપયોગી થઇ પડશે. ભવિષ્યમાં પાઠ્યપુસ્તકો, શીખવવાની પદ્ધતિ કે શીખવાની પદ્ધતિ, સાધનો વગેરેમાં પરિવર્તન આવશે જ.
કોરોનાને કારણે ઉભી થયેલ શૈક્ષણિક પરિસ્થિતિને પહોંચી વળવા સરકારે લીધેલા પ્રયત્નોમાં ક્યાંક સંતોષ તો ક્યાંક અસંતોષ જોવા મળ્યો. આમ છતાં સરકારના કેટલાક પ્રયત્નો સરાહનીય રહ્યા તો કેટલીક બાબતોમાં સુધારો કે નવું કરવા માટેની દિશા પણ ચીંધી. લોકડાઉનમાં અને આજે પણ શાળા-કોલેજ, યુનિવર્સિટી અને સરકાર વેબિનાર દ્વારા મિટીંગો અને શૈક્ષણિક કાર્યક્રમ ગોઠવવા લાગ્યા. તેમાં સૌથી સુંદર કામ જી.સી.ઈ.આર.ટી. દ્વારા હોમલર્નીંગનો ખ્યાલ આપીને થયું. જે દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય હશે. જેમાં ઓનલાઇનની સાથે ઓફલાઈનની વાત હતી. આ સમયગાળામાં શિક્ષણની ચિંતા વાલીએ જેટલી કરી છે તેના કરતા વધારે ચિંતા શિક્ષકો અને સરકારે કરી છે એ હકીકત છે.

લાંબુ લોકડાઉન અને ત્યારબાદ પણ શાળા કોલેજો નહિ ખૂલવાથી બાળકોને ઘેર જ રહેવું પડ્યું. ત્યારે વાલીઓને ખ્યાલ આવ્યો હશે કે, બાળકોને સાચવવા કેટલા અઘરા છે. અહી તેમને શિક્ષકની અન્ય રીતે કિમત સમજાઈ હશે. કે શિક્ષકને ધન્યવાદ છે કે આવા તોફાની બાળકોને સાચવે છે. તેમાં પણ જે પતિપત્ની બંને નોકરીએ જતાં હોય છે તેમને તો ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હશે. તેઓ તો ઈચ્છતા હશે જ કે શાળા કોલેજો ચાલુ થાય તો સારૂં. આમ શાળાઓ બાળકોને શિક્ષણ આપવાનું જ કામ કરે છે એવું નથી, બાળકોને સાચવવાનું પણ કામ કરે છે! ઘરમાં રહીને કંટાળતા બાળકોના વર્તન વ્યવહારમાં પરિવર્તન આવે જ. જેના કારણે ઘણાં બાળકોએ આ સમયમાં પોતાના વાલીના હાથે સૌથી વધારે માર ખાધો હશે! બાળકોને વારંવાર માર મારતા વાલીને હવે સાચો ખ્યાલ આવ્યો હશે કે, શિક્ષક કોઈવાર બાળકને મારે તો હવે ફરિયાદ કરવા ન જવું. આ સમયમાં વાલીને પોતાના બાળકને સાચી રીતે ઓળખવાનો અવસર મળ્યો. બાળકમાં કયા કૌશલ્યો છે, કઈ કઈ આવડતો છે વગેરે. વાલીએ બાળકને સ્માર્ટફોન કે કમ્પ્યુટર વાપરતા શીખવ્યા હશે, તો એવું પણ બન્યું હશે કે કેટલાક બાળકોએ પોતાના વાલીને કમ્પ્યુટર કે સ્માર્ટફોનના વિવિધ ફંકશનો શીખવાડ્યા હશે! શાળા કે ઘર દ્વારા શીખવવામાં આવતા સ્વચ્છતાના પાઠ કે બિમારી સામે લડવાની રીતો વગેરેની અસર વિદ્યાર્થીઓ અને સમાજ પર નહોતી થતી. તે અસર કોરોનાએ કરી બતાવી. આજે બાળક અને મોટેરામાં સ્વચ્છતાનું મૂલ્ય સમજાયું અને બીમારીનો સામનો કેવી રીતે કરાય તે પણ શીખવ્યું! એટલું જ નહિ શિષ્ટવાંચનનું મહત્વ સમજતા વાલીઓ વાંચતા નહતા, કોરોના એ લોકડાઉન અને ત્યારબાદ વાલીઓને વાંચતા કરી દીધા!

**અશોકી :** ઓનલાઈન એજ્યુકેશન એ વર્ગખંડ જેટલું સમૃદ્ધ ના જ બની શકે, છતાં આજની પરિસ્થિતિમાં તે એક વિકલ્પ છે. એ વિકલ્પ નહિ અપનાવીએ તો બાળકોને શિક્ષણ કે પ્રવૃત્તિથી વંચિત રાખવા માટેના ગૂનેગાર બનીશું.